(૧૦) ઓઈલ ખર્ચ રૂા. ૮૦૦ વાર્ષિક.

(૧૧) કામદાર કલ્યાણ ખર્ચ વાર્ષિક રૂા. ૨૦૦૦

(૧૨) પાવર વપરાશ કલાક દીઠ ૩ યુનિટ છે અને યુનિટ દીઠ ભાવ રૂા. ૧ છે.

પ્ર.૪ અલ્પા લિ.ના ચોપડામાંથી વર્ષ ૨૦૧૬ માટે નીચેની માહિતી પ્રાપ્ય છે. (૧૫)

| | | |
|---|---|---|
| સીધી માલસામગ્રી | - | ૮૦૦૦૦૦ રૂા. |
| સીધી મજૂરી | - | ૪૦૦૦૦૦ રૂા. |
| કારખાનાના શિરોપરી ખર્ચા | - | ૪૦૦૦૦૦ રૂા. (૬૦% ચલિત) |
| ઓફિસ શિરોપરી ખર્ચા | - | ૨૫૦૦૦૦ રૂા. (૨૦% ચલિત) |
| વેચાણ શિરોપરી ખર્ચા | - | ૧૫૦૦૦૦ રૂા. (૬૦% ચલિત) |
| વેચાણ (૨૦૦૦૦ એકમો) | - | ૨૫૦૦૦૦૦ રૂા. |

**વર્ષ ૨૦૧૭ માટેના અંદાજોઃ**

(૧) ઉત્પાદન અને વેચાણમાં ૨૫% વધારો થશે.

(૨) માલસામગ્રી ખર્ચમાં એકમદીઠ રૂા. ૬નો વધારો થશે.

(૩) સ્થિર કારખાના શિરોપરી ખર્ચમાં રૂા. ૪૦૦૦૦નો વધારો થશે.

(૪) ચલિત વેચાણ શિરોપરી ખર્ચમાં એકમદીઠ રૂા. ૧નો વધારો થશે.

(૫) નફાનો દર પડતર પર ૨૦%નો રહેશે.

વર્ષ ૨૦૧૬નું એકમદીઠ અને કુલ પડતર દર્શાવતું પત્રક બનાવો અને વર્ષ ૨૦૧૭નું અંદાજીત પડતરનું પત્રક પણ બનાવો.

અથવા

પ્ર.૪ તા. ૩૧-૩-૧૭ના રોજ પૂરા થતા વર્ષના આર.કે. કંપનીના નાણાંકીય હિસાબોમાંથી નીચેની વિગતો મળેલી છે. (૧૫)

૧. વેચાણ (૮૦૦૦૦ એકમ) - ૮૦૦૦૦૦ રૂા.

૨. આખરનો સ્ટોકઃ તૈયાર માલ (૨૦૦૦૦ એકમો) ૭૦૦૦૦ રૂા.

૩. પ્રત્યક્ષ માલસામાનનો વપરાશ ૧૭૫૦૦૦ રૂા.

૪. પ્રત્યક્ષ મજૂરી ૭૫૦૦૦ રૂા.

૫. કારખાનાના શિરોપરી ખર્ચા ૧૦૦૦૦૦ રૂા.

૬. વહીવટી ખર્ચા ૩૦૦૦૦૦ રૂા.

૭. વેચાણ વિતરણ ખર્ચા ૯૦૦૦૦ રૂા.

૮. ડિબેંચરનું વ્યાજ ચૂકવ્યું ૧૨૦૦૦ રૂા.

૯. આવકવેરો ચૂકવ્યો ૬૦૦૦ રૂા.

૧૦. કાનૂની ખર્ચા ૪૦૦૦ રૂા.

૧૧. શેર સટ્ટાનો નફો ૨૮૦૦૦ રૂા.

૧૨. ડિપોઝીટ પર મળેલું વ્યાજ ૬૦૦૦ રૂા.

પડતરના હિસાબોમાંથી નીચેની માહિતી મળી છે.

પ્રત્યક્ષ માલસામાનનો વપરાશ - ૧૯૦૦૦૦ રૂા.

કારખાનાના શિરોપરી ખર્ચા પ્રાથમિક પડતરના ૨૫%.

વહીવટી ખર્ચા (ઉત્પાદિત એકમના) રૂા. ૩ એકમ દીઠ

વેચાણ-વિતરણ ખર્ચા રૂા. ૫ એકમ દીઠ

**તૈયાર કરોઃ**

(૧) પડતરનું પત્રક

(૨) નફા-નુકશાન ખાતું

(૩) પડતરના હિસાબો તથા નાણાંકીય હિસાબો દ્વારા દર્શાવેલ નફા-નુકશાનનું મેળવણીપત્રક.